# સત્સંગ સમાચાર

## દેવઊઠી એકાદશી–શાકોત્સવ

૨૬ નવેમ્બર, પ્રબોધિની એકાદશીના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર ‘બ્રહ્મમહોલ’માં શાકોત્સવની સુંદર ઉજવણી થઈ. સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા, સાધુ પૂ. રમેશદાસજીનાં માર્ગદર્શન અનુસાર સ્થાનિક યુવતીઓ અને વડીલ બહેનોએ શાકભાજીની કલાત્મક ગોઠવણી કરી સંતભગવંત સાહેબજી પ્રબોધિત 'દિવ્ય યુગ નવ ઉદય પામે છે' તે વાતનો સંદેશો પાઠવ્યો. આ નિમિત્તે ઑનલાઇન દર્શન અને સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું. આ સભામાં દેશ–પરદેશના સૌ સંતો અને અક્ષરમુક્તો જોડાયા.

આ અત્યંત પુણ્યશાળી દિવસે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના દિવ્ય સાંનિધ્યે શાકોત્સવરૂપી ભક્તિ અનુપમ મિશનનાં તમામ મુખ્ય કેન્દ્રોમાં પણ અર્પણ કરવામાં આવી. ઉપાસના ધામ, અમદાવાદમાં સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે અને સંતોનાં માર્ગદર્શને સુંદર શાકોત્સવ ઉજવાયો. સાધુ પૂ. હિંમતસ્વામીજી અને સંતોનાં માર્ગદર્શને યુ.કે. મંદિરમાં, સાધુ પૂ. જયેશદાસજી અને સંતોનાં માર્ગદર્શને ઍલનટાઉન–યુ.એસ.એ. મંદિરમાં, સાધુ પૂ. દિનેશદાસજી અને સંતોનાં માર્ગદર્શને ખારઘર–નવી મુંબઈ મંદિરમાં, કાનજીબાપાનાં માર્ગદર્શને સુરત મંદિરમાં, સાધુ પૂ. મણિલાલદાસજી, સાધુ પૂ. ઘનશ્યામદાસજી અને સંતોનાં માર્ગદર્શને વેમાર મંદિરમાં તેમજ સાધુ પૂ. દિનેશદાસજી અને સંતોનાં માર્ગદર્શને માણાવદર મંદિરમાં સૌ સંતો–ભક્તોએ શાકોત્સવની ઉજવણી કરી ભક્તિ અદા કરી.

આ સર્વ મંદિરોમાં અર્પણ થયેલ કલાત્મક ભક્તિનાં દર્શન ઑનલાઇન સભામાં ટૅક્નિકલ ટીમ દ્વારા કરાવાયાં. ભક્તિ અદા કરનાર સૌ પર સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો વરસાવ્યો. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ મોટી અગિયારસના પુણ્યવંતા દિવસના આધ્યાત્મિક મર્મને સમજાવી સુખ દેવાની હાટડી માંડી બિરાજમાન ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં સર્વસ્વ અર્પણ કરી સુખી થવાની ભાવના વ્યક્ત કરી. સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદાએ આશીર્વાદ વરસાવી સૌની સંપ, સુહૃદભાવ અને એકતાભરી સેવાને બિરદાવી અને આવી જ સંવાદિતા સઘળી સેવાઓ દરમિયાન, અરસપરસનાં વર્તન–વ્યવહારમાં રાખવા અનુરોધ કર્યો. ◆

## ગુણાતીત સ્વરૂપોનાં જીવનમાહાત્મ્યદર્શન

‘ભગવાન અને ભગવાનના સંતો–ભક્તોનાં ગુણગાન ને મહિમા ગવાય તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય’ – ગુણાતીતાનંદ સ્વામીની આ ‘વાત’માં કહેલ મહિમાને સૌમાં સુદઢ કરાવતા ને સૌનાં આધ્યાત્મિક ઉત્થાનની કાળજી લેતા સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી ઑનલાઇન સત્સંગસભાઓ, પારાયણો, મહાપૂજા, કીર્તન આરાધના, અક્ષરવૃંદની સભાઓ, નાના–મોટા ઉત્સવો સતત યોજાતા રહે છે. આ ભક્તિ કાર્યક્રમોમાં ગુણગાન અને મહિમા છલકે છે અને ઉપાસનાના આધ્યાત્મિક સિદ્ધાંતો સ્પષ્ટ થાય છે, જે સૌ ભક્તોને–સાધકોને ખૂબ બળ અને પ્રેરણા અર્પે છે. સદ્‌ગુરુ સંતો, સંતભગવંત સાહેબજીની આશિષ–પરાવાણીનાં શ્રવણ કરી સૌ એકાંતિક અક્ષરમુક્તો ધન્ય થાય છે; અક્ષરધામનાં સુખ, શાંતિ અને આનંદના અનુભવ કરે છે. આવા અનુપમ સત્સંગથી સ્વભાવરૂપી પીળી છાંટ ઓગળી રહી છે, સર્વત્ર સંવાદિતા પ્રગટી રહી છે અને નવ યુગના ઉદય થઈ રહ્યા છે તેના સૌ અનુભવ કરી રહ્યા છે.

૩૦ નવેમ્બરથી ૪ ડિસેમ્બર દરમિયાન અનાદિ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનાં જીવનમાહાત્મ્યદર્શનનું આયોજન કરાયું. ઉપાસના ધામ, અમદાવાદથી સાધુ પૂ. ઉત્પલદાસજી, સાધુ પૂ. સતીષદાસજીએ પારાયણ સ્વરૂપે શ્રી ગુણાતીતાનંદ સ્વામીના જીવનનાં મહિમાસભર વર્ણન કરી સત્સંગલાભ આપ્યો તેમજ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રબોધિત 'સ્વામીની વાતો'ના આધારે આધ્યાત્મિક મર્મને વ્યક્ત કરી દિવ્ય સત્સંગલાભ પ્રદાન કર્યો, જેનાં યુટ્યૂબના માધ્યમ દ્વારા રસપાન કરી સૌએ અનેરી ધન્યતા અનુભવી.



શાકોત્સવ નિમિત્તે સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. હર્ષદદાદાનાં આશીર્દાન

૮થી ૧૧ ડિસેમ્બર ૨૦૨૦ દરમિયાન બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં જીવનમાહાત્મ્યની અને પ્રેરણાદાયી પ્રસંગોની વાતો સાધુ પૂ. રમેશદાસજી અને સાધુ પૂ. અશોકદાસજી દ્વારા કરવામાં આવી તેમજ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના વિવિધ જીવનપ્રસંગો વર્ણવી તેઓનાં જીવનવર્તન દ્વારા વહેલ આધ્યાત્મિક માર્મિક સંદેશને અને તેઓની જીવનભાવનાના હાર્દને સમજાવી અલૌકિક સત્સંગલાભ પ્રદાન કર્યો.

આ ઉપરાંત, બાળકો, યુવાનો, યુવતીઓની અઠવાડિક સત્સંગસભાઓ, અક્ષરવૃંદની ગોષ્ઠિસભાઓ પણ ડિજિટલ માધ્યમથી યોજાઈ, જેમાં જોડાઈ સૌએ અનેરો સત્સંગલાભ પ્રાપ્ત કર્યો. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. સુનીલભાઈ ગાંધી (સની) :** અનુપમ સત્સંગ મંડળ, વલ્લભવિદ્યાનગરના અક્ષરમુક્ત સુનીલભાઈ અરવિંદભાઈ ગાંધી (સની) ૨૩ નવેમ્બર ૨૦૨૦ના રોજ બાવન વર્ષની યુવાન ઉંમરે નશ્વર દેહનો ત્યાગ કરી પ્રભુમાં લીન થઈ ગયા, અક્ષરધામ સિધાવ્યા. તેઓની વિદાયથી અનુપમ મિશન સત્સંગ પરિવારને ખૂબ મોટી ખોટ પડી છે.

મૂળ અમદાવાદના વતની. મિત્ર સાધુ ઉત્પલદાસજીના સંગે સત્સંગમાં જોડાયા. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી વલ્લભવિદ્યાનગર આવીને વસ્યા ને અનુપમ ગ્રુપ ઑફ ઇન્ડસ્ટ્રિઝમાં અ.નિ. સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદા અને વ્રતધારી સંત ભાઈઓ સાથે છેલ્લાં ૨૨ વર્ષથી સાચા અર્થમાં કર્મયોગી બનીને સૌ સાથે હળીમળીને, સમર્પિત ભાવે દેહભાવને ગણ્યા વગર સેવા-ભક્તિ અર્પણ કરી. સંતોનાં વચને સત્સંગની અનેક પ્રકારની સેવા કરીને જીવન ધન્ય કર્યું.

તેઓનાં માતા-પિતા, યુ.એસ.એ. નિવાસી બિરેનભાઈએ તેમજ ધર્મપત્ની મનીષાબહેન અને બે દીકરીઓ નિધિ ને કૃપાએ આ પ્રસંગે જે શૂરવીરતા રાખી અડગ નિષ્ઠા અને પ્રભુના કર્તાપણાના સ્વીકારનાં જે દર્શન કરાવ્યાં તે અનુપમ અને અપ્રતિમ છે ! સનીભાઈના સત્સંગ સંસ્કારવારસાને તેઓ વિશેષ આગળ વધારતાં રહે તેવી પ્રાર્થના છે ! પ્રભુ પુનઃ નવા જન્મે સનીભાઈને સત્સંગનો સુયોગ આપશે ને તેઓની યાત્રા આગળ ધપાવશે તેની ખાતરી છે જ ! પ્રભુને કર્તાહર્તા માનવાના આદર્શભાવને પામેલાં સૌ પરિવારજનોને વંદન ! ◆



*** પૂ. જયેશભાઈ ભટ્ટ :** નડિયાદ નિવાસી અને સત્સંગ મંડળના સક્રિય કાર્યકર અક્ષરમુક્ત જયેશભાઈ ઇન્દુભાઈ ભટ્ટ દેવઊઠી અગિયારસ, ૨૬ નવેમ્બરના રોજ અક્ષરધામ સિધાવ્યા. અ.નિ. સાધુ પૂ. દિનકરદાસજી, સાધુ પૂ. સુનીલદાસજી સાથે પ્રીતિથી માહાત્મ્યયુક્ત સર્વદેશીય સેવા કરી જયેશભાઈએ સૌ ગુણાતીત સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કર્યો. સત્સંગના અગ્રેસર કાર્યકર તરીકે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં માહાત્મ્ય પ્રસરાવ્યાં. ભગવાનના પ્રગટ સાકાર સંતોનાં વચને હાંહાંગડથલ રૂપ સેવા-ભક્તિ કરી. આ સેવાયાત્રામાં તેઓનાં ધર્મપત્ની સ્મિતાબહેને સદાય સાથ નિભાવ્યો તેમજ દીકરીઓ ખુશબૂ અને માર્ગીને સેવા-ભક્તિનો સંસ્કારવારસો આપીને પિતૃત્વ દીપાવ્યું. આવા અનુપમ ભક્તિહૃદયી સત્સંગસેવકને વંદન ! ◆



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે સાધુ પૂ. ઉત્પલદાસ અને સાધુ પૂ. સતીશદાસ દ્વારા પારાયણ સ્વરૂપે શ્રી ગુણાતીતાનંદ સ્વામી જીવનમાહાત્મ્યદર્શન



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર સાધુ પૂ. રમેશદાસ અને સાધુ પૂ. અશોકદાસ દ્વારા પારાયણ સ્વરૂપે શ્રી ભગતજી મહારાજ જીવનમાહાત્મ્યદર્શન